
## ગાંધીનગર મને ગમે છે...



ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં રહેવાનું સદભાગ્ય સાંપડયું અને ૧૯૭૪થી નોકરી માટે ગાંધીનગર માં આવવાનું થયું અને સચિવાલયમાં સરકારી નોકરી મળતા ગાંધીનગર પોતાનું માનીને રહેવાનું શરૂ કરીને આજે ૪૮ વર્ષ પસાર થઈ ગયા છે શરૂઆતની કઠિન અને વધારે પડતું શાંત લાગતુ શહેર આજે સ્વચ્છ હરીયાળુ શાંતિપ્રિય ટ્રાફિકની સમસ્યાઓ સિવાયનું અને સિનિયર સિટીઝન્સ માટે મનગમતું શહેર બન્યું છે ગાંધીનગર ની રચનામાં બાબુભાઈ જશભાઈ પટેલની યોગદાન ભૂલી શકાય તેમ નથી ચંડીગઢના વિકાસ મુજબ પહેલું શહેર રચાયેલું શહેર રહેવા માટે પહેલી પસંદગી નું શહેર બન્યું છે અમદાવાદ નજીક માં એરપોર્ટ નજીક આવેલું આ આયોજિત શહેર ગુજરાતની સત્તાનું કેન્દ્ર છે ગાંધીનગરમાં સચિવાલયમાં નોકરી હોવાથી વહીવટ દ્વારા જનતાની સેવા કરવાનું સદભાગ્ય પણ સાંભળ્યું છે ગુજરાતના વિકાસમાં સચિવાલય અને વિધાનસભા ના પદાધિકારીઓ અને અધિકારીઓ એ મહત્વની ભૂમિકા રહેલી છે આજની યુવાપેઢી માટે આ નવું ગાંધીનગર ખૂબ પ્રિય થયું છે થયું છે ગાંધીનગર શિક્ષણ ક્ષેત્ર નું હબ બન્યું છે દેશની નામાંકિત સંસ્થાઓ માન્યા શિક્ષણ ઉપલબ્ધ છે જેથી ગાંધીનગરને શિક્ષણ માટે પ્રથમ પસંદગી મળે છે ગાંધીનગરમાં સરકારી સેવાઓ ની સાથે સાથે સંસ્કૃતિ પણ વિકાસ પામી છે અને સ્માર્ટ સિટી બનવા જઈ રહી છે ત્યારે આ શહેર આગામી ૨૦ વર્ષ ખૂબ જ ભવ્ય રહેવાના છે ગાંધીનગરમાં વિકાસમાં મહત્વનો ફાળો આપનાર સ્વૈચ્છિક સંસ્થાઓમાં શરૂઆતથી સક્રિય રસ લઈને ગાંધીનગરના જાહેર જીવનને જીવંત રાખવામાં પણ ફાળો આપ્યો છે એનો આનંદ છે આજે ગાંધીનગર ની ત્રીજી પેઢી ગાંધીનગરમાં પોતાની પ્રગતિ માટે બધી જ સુવિધાઓ ભોગવી રહી છે ગાંધીનગર રહેવાનું ચોક્કસ ગમે છે ગાંધીનગરમાં નોકરીની સાથે સાથે ફુરસદ ના સમયે વિવિધ સંસ્થાઓ જેવી કે બાલ્કન જી ની બારી જેસી રોટરી ક્લબ વસાહત મંડળ યુવા સંઘ અને અન્ય પ્રવૃત્તિઓમાં જોડાવાથી શહેરના વિકાસમાં ફાળો આપ્યો છે પછી આ શહેર મને પ્રિય છે.

ગાંધીનગર શહેરની નોટિફાઈડ એરિયા સમિતિના સભ્ય તરીકે પણ ત્રણ વર્ષ કામ કર્યું હોવાથી શહેરના વિકાસમાં ફાળો આપ્યો છે તેવી લાગણી કાયમ માટે રહી છેજીમખાના સેક્ટર-૨૧ અને ૧૯ માં પણ ડિરેક્ટર તરીકે કામગીરી કરી હોવાથી રમતોને પ્રોત્સાહન આપવાનો મોકો મળેલો છેનાગરિકો એકબીજા સાથે અરસપરસ હળીમળીને પ્રેમથી રહે છે એ તેની વિશેષતા છે શહેર મારુ પ્રિય છે.

● જસવંત ગાંધી

ટચુકડી જાહેર ખબર

દર રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧,

ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

# પીએસઆઈની પરીક્ષાથી શહેરમાં ભારે ચહલપહલ જોવા મળી

### પરીક્ષા કેન્દ્રોની આસપાસ ભીડભાડ સાથે ખાણી-પીણીવાળાઓને તડાકો : એસટી બસો પણ ખીચોખીચ દોડી : ઉમેદવારોના ધાડેધાડા ઉમટ્યાં









ગાંધીનગરમાં આજે પોલીસ સબ ઈન્સ્પેક્ટરની પરીક્ષા યોજાઈ હતી જેને અનુલક્ષીને શહેરમાં યુવા ઉમેદવારોના ધાડેધાડાં ઉમટી પડ્યાં હતા. શહેરમાં પરીક્ષા કેન્દ્રો પર તો ભીડભાડનો માહોલ જોવા મળ્યો હતો, તે ઉપરાંત શહેરના એસટી બસ ડેપોમાં પણ ભારે ભીડ જોવા મળી હતી અને મોટાભાગની બસો આજે મુસાફરોથી ખીચોખીચ ફરતી જોવા મળી હતી.

શહેરમાં વિવિધ શૈક્ષણિક સંકુલોમાં રાજ્ય પોલીસ ભરતી બોર્ડ દ્વારા પીએસઆઈની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. આજે સવારનું પેપર હોવાથી અનેક દૂરના ઉમેદવારો ગઈકાલથી જ ગાંધીનગરમાં આવી ગયાં હતા જેઓ વિવિધ હોસ્ટેલ, હોટલ, ગેસ્ટહાઉસ કે મંદિરોની ધર્મશાળા વગેરેમાં તેમજ જેના કોઈ સંબંધી ગાંધીનગરમાં રહેતા હોય તેને ત્યાં ઉતારો કર્યો હતો. આ ઉપરાંત નજીકના સ્થળોના ઉમેદવારો પણ શહેરમાં વહેલી સવારથી આવી પહોંચતા જ શહેરમાં શૈક્ષણિક સંકુલો તથા મુખ્ય સ્થળોએ ભારે ચહલપહલ જોવા મળી રહી હતી. શૈક્ષણિક સંકુલોની આસપાસના વિસ્તારમાં ખાણી-પીણીની લારી-ખુમચાંવાળા અને ચાની રેંકડીવાળાઓએ પણ મોકાનો લાભ ઉઠાવી ધંધો રળી લેવા ધામા નાંખ્યા હતા. શહેરની એસટી બસો આજે ભરચક જોવા મળી હતી અને બસડેપોમાં પણ ભીડભાડનો માહોલ સર્જાયો હતો. શહેરમાં રીક્ષાચાલકોને પણ આજે સારી એવી ઘરાકી મળવા પામી હતી તેમજ પાનના ગલ્લા અને કોલ્ડડ્રિન્કસના પાર્લરો પણ હાઉસફુલ રહ્યાં હતા.

## શહેરમાં હેલ્મેટ-સીટબેલ્ટ ફરી ચર્ચામાં

# શહેરીજનોનો મત : હેલ્મેટ અને સિટબેલ્ટ પહેરવા અનિવાર્ય કે નહી

### શહેરીજનોને હેલ્મેટ પહેરવા બાબતે હકારાત્મક અભિગમ છે પરંતુ દંડ વસૂલવો વ્યાજબી નથી લાગતુ : સીટી એરિયામાં હેલ્મેટ ન પહેરવા પર મોટો વર્ગ એકતરફી

ગાંધીનગર, તા. ૬

શહેરમાં ફરીથી હેલ્મેટનો મુદ્દો ચર્ચાસ્પદ બની ગયો છે. જ્યાં જોઈએ ત્યાં બસ આ જ ચર્ચા થાય છે. 'હેલ્મેટ વગર ન નીકળવું નહી તો ખીસ્સા ખાલી થઈ જશે.' શહેરમાં ઘણા સમયથી હેલ્મેટ ન પહેરવા અંગે કોઈ કાર્યવાહી થતી નહોતી તેથી શહેરીજનો મનફાવે તેમ કાયદાનો ભંગ કરી રહ્યા હતા અને શહેરમાં અકસ્માત પણ દિન પ્રતિદિન વધી રહ્યા હતા. જેમાં પોલીસતંત્ર દ્વારા હવે કડક કાર્યવાહી કરવાના અમલ બાદ શહેરમાં આ મુદ્દે ચર્ચાઓ થઈ રહી છે. જેમાં ઘણા નાગરિકો હેલ્મેટ ન પહેરવાની વાતો કરે છે જ્યારે મોટા ભાગના નાગરિકો આ નિયમનું પાલન કરવાની વાત કરી રહ્યા છે. જો કે અમુક એવી પણ વાતો થાય છે કે 'આ તો માત્ર સરકારની તિજોરી ભરવાની વાતો છે જો સરકાર પ્રજાની સલામતી માંગતી હોય તો આટલો મોટો દંડ ન વસૂલે...' પાન પાર્લર અને કેન્ટીનોમાં બધા આ જ મુદ્દાને પકડીને બેઠા છે. તો ચાલો અમે પણ મુદ્દાની ચર્ચા આગળ વધારીએ છીએ...

જો કોઈ ડ્રાઈવરે હેલ્મેટ કે કારમાં સીટબેલ્ટ ન બાંધ્યો હોય તો તેને દંડ કરવામાં આવશે. આ બાબતે ગુજરાત પોલીસ માટે જાહેર કરાયેલ પત્રમાં જણાવ્યું છે કે માર્ગ સલામતી અંગે સુપ્રીમકોર્ટની કમિટી ઓન રોડ સેફટી દ્વારા રાજ્યની સેફટી કાઉન્સિલની બેઠકમાં માર્ગ રોડ સેફટીની બેઠક યોજી હતી જેમાં અકસ્માતોની ચર્ચા કરી હતી. આ સાથે પોલીસતંત્રને માર્ગ અકસ્માત ઘટાડવા અને ટ્રાફિક નિયમોનું યોગ્ય અમલીકરણ સુનિશ્ચિત કરવા નિર્દેશ આપ્યો છે. જે અંતર્ગત ૬ થી ૧૫ માર્ચ પોલીસતંત્રનું વિશેષ ઝુંબેશ હાથ ધરાશે. આ પ્રકારના કડક પગલા પહેલાથી લેવાતા આવ્યા છે પરંતુ થોડા સમય બાદ કોકડું શાંત થઈ જતુ હોય છે. ત્યારે શહેરીજનોને આ કડક કાર્યવાહી સામે કેવી પ્રતિક્રિયાઓ છે તે જોઈએ.

●●●



સીટી એરિયામાં હેલ્મેટ પહેરવાની જરૂર જ નથી. શહેરના મુખ્ય માર્ગો પર જ હેલ્મેટ પહેરવાની જરૂરીયાત રહે છે. ત્યાં સ્પીડ લીમીટ વધારે હોવાથી માર્ગ અકસ્માતનો ભય રહેતો હોય છે. સીટબેલ્ટ પહેરી રાખવામાં કોઈ વાંધો નથી.

**- સૌમિલ સોની**

●●●



વરસાદથી બચવા આપણે છત્રીની શોધ કરી, ઠંડીથી બચવા ગરમ કપડા અને રૂમ હીટરની શોધ કરી, ગરમીથી બચવા પંખા અને એસીની શોધ કરી, જીંદગીને સરળ બનાવતા આપણે શોધેલા ઉપરોક્ત આવિસ્કારો વાપરતી વખતે આપણે કોઈ સવાલ ન કરતા હોઈએ તો અકસ્માત વખતે થતી ગંભીર ઈજાઓથી રક્ષણ મેળવવા હેલ્મેટ અને સીટબેલ્ટ વાપરવામાં આપણે શા માટે આટલો સંશપ કરવો ? હેલ્મેટ અને સીટબેલ્ટનો નિયમ વગર જ જાતે સમજીને ઉપયોગ કરવો જોઈએ. અકસ્માત નિવારી નથી શકાતો, પરંતુ તેની અસર ઈજાની તીવ્રતા, હેલ્મેટ અને સીટબેલ્ટ અવશ્ય ઘટાડી દે છે.

**- હિરેન શાસ્ત્રી**

**(વિકાસ અધિકારી, ભારતીય જીવન વીમા નિગમ)**

●●●



હાઈવે હોય કે સીટી હોય અકસ્માતના બનાવો વધારે બની રહ્યા છે. જેમાં માથાના ભાગે વધારે ઈજાઓ થતી હોય છે અને જીવનું જોખમ થાય છે. નાગરિકોની સુરક્ષા માટે જ કડક નિયમો બનાવવામાં આવે છે. જો તેમને દંડ ન ભરવો હોય તો આ નિયમનું પાલન કરવાનું રહેશે. જનતાની સુરક્ષા માટે જ સરકાર નિયમો બનાવે છે. જેનો ચોક્કસપણે પાલન કરવું જોઈએ તેજ દરેકના હિતમાં છે.

**- એમ.કે. રાણા**

**(ડીવાયએસપી, ગાંધીનગર)**

●●●

હું છેલ્લા ૨૦ વર્ષથી બાઈક અને ૧૮ વર્ષથી કાર ચલાવુ છુ. હંમેશા વાહન ચલાવતી વખતે હું ફરજિયાત હેલ્મેટ અને બેલ્ટ અવશ્ય પહેરૂ છુ અને અન્યને પણ તેના માટે પ્રેરિત કરૂ છું. રોડ સેફટી અને ટ્રાફિક નિવારણ માટે ચલાવવામાં આવતા વિવિધ ડ્રાઈવ સાથે સરકાર દ્વારા લેવાતા નિર્ણયોમાં દરેક નાગરિકનો સુંદર અને સુરક્ષિત સમાજ માટે સહકાર અને સહયોગ જરૂરી છે. આજના યુવાનો રોડ સેફટીના નિયમોનું પાલન કરી પોતાને, પરિવારને અને સમાજને સુરક્ષિત રાખવામાં યોગદાન આપે જે ખૂબ જરૂરી છે.



**- પ્રો. ડો. ધર્મેન્દ્ર પટેલ**

**(કોમર્સ કોલેજ, કડી કેમ્પસ)**

●●●

આપણી મિલકત કરતા માથું મહત્વનું છે. આપણે ઘરેથી બહાર જતી વખતે કાળજી રાખીને ઘરને તાળુ મારીએ છીએ તો મુસાફરી કરતી વખતે આપણે પણ બચવા માટે દ્વિચક્રી વાહન ચાલકે હેલ્મેટ અવશ્ય પહેરવું જોઈએ કોઈપણ મિલકત કરતાં જિંદગી સૌથી અગત્યની છે જયારે જયારે ગાડીમાં પ્રવાસ કરતા હોઈએ ત્યારે સીટબોલ્ટ એટલો જ આવશ્યક છે. જીવનના રક્ષણ માટે અને પરિવારની સલામતી માટે મોટર વ્હીકલ એક્ટ મુજબ આ બંનેનો ઉપયોગ જરૂરી છે. કાયદાકીય દંડની જોગવાઈ જરૂરી છે. પરંતુ આ દંડ સામાન્ય વાહનચાલકોને પોસાય તેવો હોવો જોઈએ.



**- જી.એમ. હરસોલી**

**(પ્રમુખ, રોટરીક્લબ, ગાંધીનગર)**

## સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન યુનિવર્સિટીના

# ઈક્યુબેશન સેન્ટર દ્વારા નવીન સ્ટાર્ટઅપ પ્રોજેક્ટને પ્રદર્શિત કરાયા

ગાંધીનગર, તા. ૬

સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટી, સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપનારી ભારતની સર્વ પ્રથમ યુનિવર્સિટીએ તેના સ્ટાર્ટ-અપ અને ઈક્યુબેશન સેન્ટર દ્વારા નવીન સ્ટાર્ટ અપ પ્રોજેક્ટ્સને સપ્તાહ દરમિયાન પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. સ્વર્ણિમ યુનિવર્સિટી તેના સ્ટાર્ટ ફોઉન્ડર્સના વિચારનું સુંદર અમલીકરણ માટે મેન્ટરશિપ, ફંડિંગ, કો-વર્કિંગ સ્પેસ, પેટન્ટ અને લીગલ સપોર્ટ, રિસર્ચ અને લેબ સુવિધાઓ, માર્કેટિંગ અને બ્રાંડિંગ સપોર્ટ દ્વારા આદર્શ પ્લેટફોર્મ પૂરું પાડે છે.

આ પ્રદર્શનમાં તમામ પ્રવાહો દ્વારા પોતાના સ્ટાર્ટ અપ રજૂ કરવામાં આવ્યા હતા જે 'ડિઝાઈન થિંકિંગ' નું ઉત્તમ ઉદાહરણ છે, સાથે દેશની સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમમાં નોંધપાત્ર યોગદાન



આપનાર છે. પ્રદર્શન ઉપરાંત, સ્ટાર્ટઅપ ફોઉન્ડર્સને વિવિધ ક્ષેત્રના ઉદ્યોગ નિષ્ણાતો સાથે ભાવિ વ્યૂહરચના, બજાર યોજનાઓ અને તેમના અનુભવમાંથી આંતરદષ્ટિ વિશે ચર્ચા કરવાની તક પણ મળી હતી. સ્ટાર્ટ અપ પ્રદર્શન પર વાત કરતા સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડૉ કાર્તિક જૈને જણાવ્યું કે "સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ એ થોડા દિવસોની ઘટના નથી પરંતુ અડચણોને પાર કરીને પિનથી પ્લેન સુધી પહોંચવાની લાંબી મુસાફરી છે. અમે અમારા વિદ્યાર્થીઓને શિક્ષણમાં સ્ટાર્ટઅપના મૂલ્ય આપીએ છીએ અને તેના પરિણામે, અમે સૌથી યુવા યુનિવર્સિટી હોવા છતાં અમારી પાસે સ્ટાર્ટઅપ્સની વધુ ગુણાત્મક સંખ્યા છે. તેના પરિણામ સ્વરૂપે, ગુજરાત સરકારની સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન પોલિસી (SSIP) દ્વારા "A" રેટિંગ પ્રાપ્ત થયું છે."

નોવેલ ન્યુટ્રાસ્યુટીકલ કૂકીઝ, બનાના બ્લોસમ સ્નેક્સ બાર, વન્ડર વોટર, ન્યુટ્રાયમ અને ટોર્ચીટ આદિ સ્ટાર્ટ અપ્સને પ્રદર્શિત કરવામાં આવ્યા હતા જે દિવ્યાંગ, મહિલાઓ, હેલ્થ કેર, કુપોષણ, સસ્ટેનિબિલિટી અને અન્ય સમકાલીન સમસ્યાઓનું સમાધાન આપનાર હતા.

# ભારતીય મજદૂર સંઘ દ્વારા કામદારોના પ્રશ્નો અંગે ૯મીએ જાહેરસભા

વિવિધ બોર્ડ/નિગમોમાં અને સરકારી કચેરીઓમાં કોન્ટ્રાકટ પદ્ધતિથી કાર્યરત કર્મચારીઓના પડતર પ્રશ્નો અંગે સરકારમાં વારંવાર રજૂઆતો કરવામાં આવી છે પરંતુ આ રજૂઆતો ધ્યાને ન લેવાતા આખરે ભારતીય મજદૂર સંઘને આંદોલન કરવાની ફરજ પડી છે. આ સંદર્ભે ૯મી માર્ચના રોજ સત્યાગ્રહ છાવણી સેક્ટર-૬ ખાતે જાહેરસભાનું આયોજન બપોરે ૧ થી ૩ દરમ્યાન કરવામાં આવ્યુ છે.

રાજ્ય સરકારમાં અને વિવિધ બોર્ડ નિગમોમાં કુલ જગ્યાઓના ફક્ત ૨૦ ટકા કાયમી કર્મચારીઓ છે અને ૮૦ ટકા પ્લેસમેન્ટ દ્વારા, આઉટ સોર્સીંગના કર્મચારીઓ દ્વારા કામ લેવામાં આવે છે. આ સમસ્યા ગંભીર છે અને સરકાર તથા કામદારોને ઘણુ જ નુકસાન જાય છે. આ 'અન-ફેર લેબર પ્રેક્ટીસ' મોટા પાયા પર આચરવામાં આવે છે જે તાત્કાલિક બંધ કરવી જોઈએ. ઉપરાંત ગુજરાતભરના સ્કીમ વર્કરો જેવાકે આંગણવાડી, આશાવર્કરો, મધ્યાહન ભોજન, આરોગ્ય સેવા જેવા અનેક સ્કીમ વર્કરો છે જેઓ માનદ વેતનમાં કામ કરે છે આવા કામદારો પાસેથી વધારાનું કામ લેવામાં આવે છે છતાં 'ઈન્સેટીવ' કે પગાર વધારો આપવામાં આવતો નથી.

આ બધી માંગણીઓના અનુસંધાને ભારતીય મજદુર સંઘ ગુજરાત પ્રદેશ અને તેની સાથે સંલગ્ન તમામ યુનિયનનના કર્મચારીઓની માંગણીઓનો અવાજ ઉઠાવવા ગાંધીનગર ખાતે તા. ૯-૩-૨૨ અને બુધવારના રોજ બપોરે ૧ થી ૩ દરમ્યાન સત્યાગ્રહ છાવણી ખાતે જાહેરસભા રાખવામાં આવી છે અને આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ભારતીય મજદુર સંઘ તથા મહાસંઘોના આગેવાનો સક્રીય રીતે પ્રવાસ કરી ઉપસ્થિત રહેવા પ્રયાસ કરશે.